Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ કારતક

## પદ ૫૫

લેખક : પ૦ પૂ૦ આનન્દઘનજી મહારાજ સા૦

ચેતન આયા કૈસે લણોઈ, ચેતન ।
સત્તા એક અખંડ અબાધિત ઇહ સિદ્ધાન્ત પખ જોઇ ॥ (૧)

પોતાના આત્માના સ્વરૂપને કેવી રીતે પામી શકાય. આત્માને આત્મારૂપે અનુભવ્યા વિના, આત્મ તત્ત્વની પ્રતીતિ થતી નથી. માટે આત્માની સત્તા એક છે, આત્મા અખંડ છે, આત્માના અસંખ્યાત પ્રદેશ છે, આત્માના એક પ્રદેશનો પણ કદી નાશ થયો નથી અને થવાનો નથી. આત્માના ચૈતન્ય ધર્મની સત્તાનો કદી બાધ થતો નથી–એમ સિદ્ધાન્તોના પક્ષથી આત્માનું સત્તામાં રહેલું સ્વરૂપ જાણવું જોઇએ.

( અનુસંધાન પેજ ૪૨ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૦ ] ડીસેમ્બર : ૧૯૮૨ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી નમિનાથ જિન-સ્તવન | પ. પૂ. આનંદઘનજી મ. સાહેબ | ૨૭ |
| ૨ | શ્રીમતી રોહિણી | પ. પૂ. આચાર્ય શુભવર્ધનસૂરિજી | ૩૦ |
| ૩ | જૈન ધર્મની બાળપોથી | પ. પૂ. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) | ૩૩ |
| ૪ | જૈન શાસનનું અમૂલ્ય રત્ન | ગણિવર્ય શ્રી યશોદેવવિજય | ૩૫ |
| ૫ | લાખ રૂપિયાની વધુ દેશની શાખ | લે. સ્નેહદીપ અનુ. પી. આર. સલોત | ૩૭ |
| ૬ | પ્રશ્નોત્તરની પૂર્વ ભૂમિકા | લે. શાંતિલાલ દેવચંદ શાહ | ૩૮ |
| ૭ | શાન્ત સુધારસ | — | ૪૦ |
| ૮ | સ્વરૂપ-સાધના | અમરચંદ માવજી શાહ | ૪૩ |



## સમાચાર

### પં. પૂ૦ ગુરુદેવ પં. અભયસાગરના શિષ્યરત્ન ગણિવર્ય પૂ૦ અશોકસાગર મ. સા. નું ભાવનગર મુકામે ચાતુર્માસ

(૧) તેઓશ્રીની અસરકારક વાણી દ્વારા દરરોજ સવારે તત્વસભર વ્યાખ્યાન ચાલુ રહેતું દરરોજ બપોરે તત્વાર્થ સૂત્રનું અભ્યાસ-સાદી અને સરળ ભાષામાં અને સુંદર શૈલીમાં સમજાવતા

(૨) રાત્રના સમયે નવતત્વ ઉપર પ્રવચનો આપતાં-તેમાં ૪૦૦ થી ૫૦૦ ભાવિકો લાભ લેતા.

(૩) દીપાવલી દરમિયાન ચતુર્દશીના રોજ સવારે ૯થી૧૦ અને બપોરે ૩થી૩૦ કલાક તેમજ અમાસના દિવસે સવારના ૯થી૧૦ અને બપોરના ૩થી ૪-૩૦ કલાક સુધી ઉતરાધ્યયન સૂત્ર તેના ૩૬ અધ્યાય (મૂળ સૂત્ર) વાંચ્યા હતા અને દરેકનો ભાવાર્થ પણ સમજાવ્યો હતો.

શ્રોતાજનો ધાર્મિક રસાસ્વાદ મ્હાણી ધન્ય બન્યા હતા. ચાતુર્માસના દરેક દિવસને શ્રોતાગણ સંભારી, ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે.

કર્યું ન લીલું જગમાં કોનું, ફોગટ તેના છે અવતાર,
બાવળીયાથી પણ તે ભૂંડા ધિક ધિક તે નરને નાર

લેવાનું શીખ્યા ને લોકો, દાન તણા નહીં શિખ્યા પાઠ,
લીલા નામે તો પણ સૂકાં, જુઠા તેના સઘળા ઠાઠ.

ઉંચા થઇને બને ન નીચા, માનવભવ પામીને લોક,
દશ દષ્ટાંતે દુર્લભ નરભવ, પામી કયાં હારોછો ફોક

આંબો ખાય ન કેરીઓ, પાકે પરને હેત;
નદી સ્વયં ના જલપિયે, પરાર્થ તન સંકેત.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ કારતક : ડીસેમ્બર-૧૯૮૨ [ અંક : ૨

# શ્રી નમિનાથ જિન-સ્તવન

**રચયિતા પ. પૂ૦ આનંદઘનજી મ. સાહેબ**

(રાગ-આશાવરી)

**ષડ્ દરિશણ જિન અંગ ભણી જે ન્યાસ ષડંગ જો સાધે રે**
**નમિ જિનવરના ચરણ ઉપાસક ષડ્ દરિશણ આરાધે રે (૧)**

[ ભાવાર્થ : છ અંગોમાં દર્શનની સ્થાપના કરીને શ્રી જિનેશ્વર પ્રભુનાં અંગ રૂપે છયેય દર્શનો કરી શકશે. એ રીતે છ અંગમાં મંત્રાક્ષરાદિકનો ન્યાસ સાધીને શ્રી નેમિ જિનેશ્વર પ્રભુના ચરણોની ઉપાસના કરનાર છેવટે છયેય દર્શનનો ઉપાસક બની જાય છે. ]

**જિન સુરપાદપ પાય વખાણું સાંખ્ય જોગ દોય ભેદે રે,**
**આતમ સત્તા વિવરણ કરતાં લહો દુગ-અંગ અખેદે રે (૨)**

[ આત્માની વિદ્યમાનતા વિષે વિવરણ કરનારા સાંખ્ય અને યોગ-દર્શન એ બે ભેદને જિનેશ્વર રૂપી કલ્પવૃક્ષના બે પગ તરીકે વર્ણવ્યા છે. એ બે અંગો ખેદ વિના સરળતાથી જિનેશ્વર પ્રભુને ઉભા રહેવાના મજબૂત પગ ઝાડના મૂળિયાં સમજો.

**અથવા** બીજા સૂત્રકૃતાંગમાં આત્મ સત્તા વિષે વિવેચન કરાયેલ છે. તે સાંખ્ય અને યોગ સાથે મળતું છે. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભેદ અ-ભેદ સુગત મિમાંસક, જિનવર દોય કર ભારી રે
લોકા ઙ લોક અવલંબન ભજિયે ગુરુ ગમથી અવધારી રે (૩)

[ભેદવાદી બૌદ્ધ અને અભેદવાદી મીમાંસક-ઉત્તર મીમાંસક **વેદાન્ત**-એ બેના મત ગુરુ ગમથી સમજશો. તો લોક અને અલોકના આધારભૂત હોવાથી તે બન્નેય દર્શનો શ્રી જિનેશ્વર દેવના મોટામાં મોટા બે હાથ છે માટે તેને પણ તે રીતે સમજીને ભજવા જોઇએ.

ઉત્તપતિ અને નાશ બૌદ્ધોનો મત

નિત્યપણું-એ વેદાંતનો મત--એ બન્નેય જૈન દર્શનમાં બરાબર ઘટે છે.]

લોકાયતિક કૂખ જિનવરની અંશ વિચારી જો કીજે રે
તત્ત્વ વિચાર સુધારસ-ધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે? (૪)

[અંશની-નયની દૃષ્ટિથી વિચાર કરીએ તો લોકાયતિક **ચાર્વાક દર્શન** પણ શ્રી જિનેશ્વર દેવનું પેટ ગણવું પડશે ગુરુ મહારાજાએ કરાવેલ માર્ગ-દર્શન વિના, તત્ત્વ વિચાર કરવાથી પ્રાપ્ત થતી અમૃત રસધારાનો પ્રવાહ કઈ રીતે પી શકાય?]

['નાસ્તિક દર્શન પણ શ્રી જૈન દર્શનનું અંગ છે'—એ વાત ગુરુગમ વિના શી રીતે સમજી શકાય?

જૈન જિનેશ્વર-વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે,
અક્ષર-ન્યાસ-ધરા આરાધક, આરાધે ધરી સંગ રે (૫)

[પ્રસિદ્ધ જૈન દર્શન તે શ્રી જિનેશ્વર પ્રભુનું બહારથી અને અંતરથી ઉત્તમાંગ છે. એટલે બહારથી મસ્તક છે. અંદરથી ઉત્તમ શ્રેષ્ઠ અંગ છે. એ દર્શનનો સંગ કરીને આરાધક એવા **અક્ષરન્યાસ ધરા** શરીરના જુદા જુદા અંગો ઉપર અક્ષરનો ન્યાસ કરીને ધ્યાન કરનાર ચૌદ પૂર્વધર અને ગણધર ભગવંત જેવા યોગી પુરુષો, મહાધ્યાનની સાધના કરી શકે છે.)

જિન-વરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજનારે
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર-ભજનારે (૬)

[જેમ સમુદ્રમાં બધી નદીઓ સમાય છે, પણ નદીમાં સમુદ્ર હોય કે ન હોય તે પ્રમાણે શ્રી જિનવર ભાષિત દર્શનમાં સઘળા દર્શનો આવી જાય છે અને બીજા દર્શનોમા જિનવર દર્શન હોય કે ન પણ હોય]

જિન-સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે
ભંગી ઇલિકાને અટકાવે, તે તે ભૃંગી જગ જોવે રે (૭)

[જેમ પ્રાથમિક દશામાં ભમરીના ઈયળ-રૂપ બચ્ચાંને ભમરી પોતાના ડંખથી ડંખ મારે છે, ત્યારે તે ઇયળ ભમરીના ધ્યાનમાં લીન થયને કાળાંતરે ભમરી રૂપે બહાર નીકળે છે તે પ્રમાણે જે જિન સ્વરૂપ થઇને જિનેશ્વર દેવની આરાધના કરે તે ચોક્કસ જિનેશ્વર થાય જ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ વૃત્તિ પરંપર અનુભવ રે
સમય-પુરુષના અંગ કહ્યાં એ છેદે તે દુભર્વ રે (૮)

[ ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃત્તિ, ગુરુ-શિષ્યની પરંપરાથી ચાલ્યો આવતે અનુભવ છચેય જૈન શાસ્ત્ર-પ્રવચન-સમયરૂપી છ અંગો છે તેમાંનાં એકનો ઉચ્છેદ કરે. ખંડન કરે, તેનું ન માને તે દુભર્વ્ય જેવો માનવો ]

મુદ્રા બીજ, ધારણા, અક્ષર ન્યાસ, અર્થ વિનિયોગે રે
જે ધ્યાવે તે નવિ વંચીજે ક્રિયા અવચંક ભોગે રે (૯)

[ હસ્તાદિકની મુદ્રા, બીજ રૂપ ૐ વિગેરે મંત્રાક્ષર-તેની ધારણા-તે સર્વેની હૃદયાદિકમાં યોગ ઠેકાણે ન્યાસ (સ્થાપના) તેના અર્થના વિનિયોગ કરીને-એ છ રીતે જે ધ્યાન ધરે તે કદી સંસાર વર્ધક કષાયાદિથી ઠગાય નહીં. ક્રિયા-ડ-વંચક નામના યોગનો ભોક્તા થાય. ]

[ યોગા વંચક ગુરુ સમાગમી હોય જ

શ્રુત-અનુસાર વિચારી બોલું, સુ-ગુરુ તથા વિધ ન મિલે રે
કિરિયા કરી નવી સાધી શકિયે, એ વિષ-વાદ ચિત્ત સઘલે રે (૧૦)

[ આ બધી વાત હું શ્રુત-આગમ અનુસારે કહું છું. 'મને પોતાને એ ધ્યાન ધરવાનો તેવા પ્રકારનો ગુરુ-ગમ મળ્યો નથી તેથી ક્રિયા કરીને એ ધ્યાનથી સાધવા યોગ્ય સાધના અમે સાધી શક્તા નથી એ સઘળી બાબતનો અમારા મનમાં ઘણો ખેદ છે. અમારો સંસાર હજુ કેટલો બધો બાકી હશે ? ]

તે માટે ઉભા કર જોડી જિનવર આગળ કહિયે રે
સમય-ચરણ સેવા શુદ્ધ દેજો. જિમ આનંદ ઘન લહિયે રે (૧૧)

[ "તે માટે નિરાશ ન થતાં, નામ, સ્થાન અને દ્રવ્યજિન પર પ્રભુનો યોગ પૂર્વના પુણ્યના બળથી પામીને શ્રી જિનેશ્વર આગળ હાથ જોડીને ઉભા રહીને કહીએ છીએ "હે જિનેશ્વર દેવ જે રીતે અમને આનંદઘન-મોક્ષ મળે તે પ્રમાણે આપના દર્શન, શાસ્ત્ર આગમ પ્રવચનના શુદ્ધ સેવા કરી શકીએ તેવી સામગ્રી આપજો" ]

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઇ હોય અથવા કોઈ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, કાયસા મિચ્છામિ દુક્કડમ્



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમતી રોહિણી

પ. પૂ. આચાર્ય શુભવર્ધનસૂરિજી

ચંપા નામનું નગર ચંપકવર્ણી તેની દેહ–કાયા જોતાંજ આંખ ઠરે નગરની શોભા અનેરી ત્યાં નૃપતિ શ્રી વાસુપૂજ્ય અરિહંતનો પુત્ર મઘવન્ નામ તેવાજ ગુણ સાક્ષાત્ લક્ષ્મી હોયની ? એવી તે રાજાને લક્ષ્મી નામે પત્ની. તેમને જયસેનાદિ બહુ પુત્રો હતા. તેઓના ઉપર ઉત્તમ ગુણવાળી પુત્રી રોહિણી.

પુત્રી યુવાવસ્થા પામી, ત્યારે આનંદિત થયેલ ભૂપતિએ પ્રધાનોને કહ્યું' " હે સચીવો ! આ પુત્રીને યોગ્ય વર શોધી કાઢો. પ્રધાનોએ કહ્યું, " આપ ઉત્તમ સ્વયંવર મંડપ રચાવો. રોહિણી પોતાની ઇચ્છા પ્રમાણે યોગ્ય વર વરે " નૃપતિએ તેમનું વચન માન્ય રાખ્યું. સ્વયંવર મંડપ રચાવ્યો, અનેક દેશના રાજકુમારોને તેડાવ્યા મંડપમાં રોહિણી વરમાળા સાથે આવી, રોહિ–ણીએ નાગપુરના રાજા વીતશોકના પુત્ર અશોકચંદ્રને વરમાળા પહેરાવી.

મઘવન્ ભૂપતિએ તેઓની વિવાહ ઉત્સવ કર્યો. અશોકચંદ્ર કેટલાક દિવસ ચંપાનગરીમાં વિતાવ્યા, ત્યારબાદ નાગપુરમાં પિતાએ મોટા ઉત્સવથી તેનો નગર પ્રવેશ કરાવ્યો.

વૈરાગ્ય વાસિત ભૂપતિએ રાજ્યાસને અશોકચંદ્રને સ્થાપી પોતે દીક્ષા લીધી· પતિ-પત્ની આનંદથી સુખ ભોગવતા હતા. રાજ્યભાર પ્રધાનો સંભાળતા,

એકદા પોતાના મહેલના ગોખમાં બેઠી હતી. નગરની શોભા નિહાળતી હતી, એકાએક તેના કાને રૂદનનો અવાજ પડયો. સહેજ ચમકી શેરીમાં દૃષ્ટિ નાખી, સ્ત્રીઓનું ટોળું છૂટા કેશ મૂકી કરુણ સ્વરથી રૂદન કરતું હતું હાથેથી છાતી કૂટતી સ્ત્રીઓ નજરે પડી. તેને કશી સમજણ પડી નહિ એટલે ધાવમાતા વસંતતિલકાને પૂછ્યું, " હે માત ! આ તે કેવા પ્રકારનું નાટક ? આવું તો કયારે જોયું નથી, તેમજ સાંભળ્યું પણ નથી."

ધાવ માતા ગુસ્સે થઈ ગઈ, ' શું તને રૂપમદ થયો છે ? કે લક્ષ્મીનો મદ છે ? આવા હાંસી કરાય ?

રોહિણીએ કહ્યું, " હે માત! આપ કોપ ન કરો. આ મારો મદ નથી. મેં આવું કૌતક કયારે પણ દીઠું નથી–તેથી પૂછું છું."

ધાવ માતાએ કહ્યું, " હે વત્સે ! જો પેલી મધ્યમા રહેલી સ્ત્રી તેનો એક પુત્ર મૃત્યુ પામ્યો છે તેના ગુણ સંભારી રડે છે. સંસારનું આવું નાટક તને આ ભવમાં થયું નથી."

અશોકચંદ્રને કાને આ વાત પડી. એકદમ આવી તેને અશોકચંદ્રે કહ્યું, " હું તને રોવું સમજાવું અર્થાત્ તારી પાસે તેવું નાટક કરાવું."

એમ કહીને રાજાએ તેણીના ખોળામાથી લોકપાલક નામના પુત્રને હાથમાં લીધો. " જો હવે હું તારા પુત્રને નીચે ફેંકુ છું " રાજાએ ગોખની બહાર રાખેલ હાથમાં પુત્રને હિંડોળવા માંડયો. દૈવયોગે નૃપતિના હાથમાંથી પુત્ર નીચે પડતો બન્યો.

રાજલોકના માણસો " હા હા " શબ્દો કરવા લાગ્યા. રાજા પણ પુત્ર પાછળ ઝંપાપાત કરવા તૈયાર થયો પણ રાણી ' આ શું ? આ શું ? ' એમ કહેવા લાગી એટલામાં નગરની અધિષ્ટાયિકા દેવીએ બાળકને ઝીલી લીધો, વસ્ત્રાભૂષણથી શણગારી રાજાના આસન ઉપર મૂકી દીધો. નગરવાસી લોકોયા, પત્ની અને પુત્રથી પુણ્ય–સ્તુતિ સાંભળી, રાજવીએ પુત્રનો જન્મ મહોત્સવ ફરી કર્યો.

આ વખતે નગરીના ઉદ્યાનમાં ચાર જ્ઞાનના ધારણહાર રૂપકુંભ નામના આચાર્ય સાધુ પરિવાર સાથે પધાર્યા. સમાચાર મળતાં જ ભૂપતિ પત્ની સાથે ગુરુવંદન માટે ઉદ્યાનમાં ગયા. ત્યાં ગુરુને વંદન કરી ધર્મ દેશના સાંભળી;

રાજાએ મુનીશ્વરને પૂછ્યું, " હે ભગવન્ ! આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારી પત્ની રોહિણીએ પૂર્વભવમાં એવું શું પુણ્ય કર્યું છે કે જેથી તેને ક્યારે પણ, કલેશ થતો નથી. મારે તેના ઉપર અપૂર્વ પ્રેમ કેમ છે ? તેના આ સર્વે પુત્રો કોણ છે. " ?

ઉપશમધારી મુનિએ સંસાર તારનારી વાણી કહી.

"હે રાજન્ ! આ તારા નાગપુર નગરમાં પૂર્વ વસુપાલ નામે રાજા હતો. તેને વસુમતી નામની પત્ની તે રાજાને ધનમિત્ર નામનો ગુણવાન શ્રેષ્ઠી મિત્ર હતો. તેને ધનમિત્રા નામે સ્ત્રી, અનુક્રમે કુરૂપતા પાત્ર રૂપ એક પુત્રી થઇ, પુત્રીનો દેહ દુર્ગંધમય હતો માતા પિતાએ નામ પાડયું દુર્ગંધા, યુવાવસ્થા પામી છતાં કોઈ તેને વરવા તૈયાર ન થયું."

તેજ શહેરમાં વસુમિત્ર નામે ધનવંત વેપારી અને તેને વસુકાંતા નામે સ્ત્રી શ્રીષેણ નામે પુત્ર પણ તે સાતે વ્યસનમાં પુરો ધનમિત્રે વધ્યભૂમિ પ્રત્ય લઇ જતાં શ્રીષેણને નૃપતિને ધનાદિ આપી છોડાવ્યો પોતાની પુત્રી પરણાવી પણ તેની દુર્ગંધ નહિ સહેવાથી રાત્રિનાજ નાસી ગયો. પછી તેના પિતાએ દુર્ગંધાને દીન માણ-સોને દાન આપવા દાન શાલામાં રાખી પણ તેના હાથે કોઇ ભિક્ષા લેતુ નહિ.

પછી સાધુ પાસેથી ધર્મ પામી, શાંત ચિત્તે, તે દુર્ગંધા ધર્મકાર્યમાં તત્પર થઈ અને માતા પાસેજ રહેવા લાગી.

એકાદા તે નગરીમાં જ્ઞાનામૃતના સમુદ્રરૂપ મહા ઉદયવંત **અમૃતાસવ** નામના મુનિ પધાર્યા. ધનમિત્ર શ્રેષ્ઠીના કહેવાથી વસુપાળ ભૂપતિ, પોતાના અંતઃપુર સહિત તેમને વંદન કરવા ગયો, ત્યાં ભૂપતિ, મુનિને નમસ્કાર કરીને બેઠો, ત્યારે મુનિરાજે યુક્તિપૂર્વક ધર્માધર્મની ગતિ રૂપ જીવવિચાર સ્પષ્ટ રીતે કહ્યો.

પછી દુર્ગંધાએ પોતાની દુર્ગંધનું કારણ મુનિરાજને પૂછ્યું. તેમણે કહ્યું કે.

આ જંબૂદ્વિપમાં ભરત ક્ષેત્રમાં સર્વ પ્રકારની સંપત્તિથી ભરપૂર સૌરાષ્ટ્ર નામે દેશ છે. સર્વ નગરના આભૂષણ રૂપ ગિરિપુર ( જુનાગઢ ) નામે નગર છે. પાસેજ સુપ્રસિધ્ધ ગિરનાર પોતાની પવિત્ર છાયા પાથરી રહ્યો છે. શ્રી અરિહંત ધર્મ રૂપ કમળમાં રમમાણ મનવાળો પૃથ્વીપાલ નામે ખ્યાતનામ રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રેમના પાત્ર રૂપ મનોહર કાંતિવાળી સિદ્ધમતિ નામે સતી સ્ત્રી હતી. પતિના દાક્ષિણ્યતાથી જિનધર્મ વિષે તે બુદ્ધિ રાખતી.

એકદા રાજા અંતઃપુર સહિત ઉદ્યાનમાં ક્રિડા કરવા જતો હતો ગિરનારથી નગરમાં જતાં ધર્મરૂચિ નામના મુનિ નજરે પડયા. તેણે પત્નીને કહ્યું, " આ એક માસના ઉપવાસી મુનિ ભગવંતને પારણું કરાવી જલ્દી આવજે અમે ધીમે ધીમે જઈએ છીએ " રાજાના આજ્ઞાના ભયથી પણ પોતાની ઇચ્છાનો ભંગ થવાથી મનમાં ક્રોધાતુર થયેલી સિદ્ધિમતિ, મુનિને પારણું કરાવવા માટે પોતાના ઘેર તેમને લઇ ગઈ ત્યાં કોઇને માટે કડવું તુંબડુ પકવી રાખેલ જોયું સહુની મનાઈ છતાં, બીજા ભક્ષ્ય પદાર્થો સાથે તે તુંબડુ મુનિશ્રીને વહોરાવ્યું. તેઓ ગુરુજી પાસે પહોંચ્યા. ગોચરી બતાવી ગુરુજી વિષમય પારખી ગયા. તેથી તેને પરઠવવાને આદેશ આપ્યો. નિર્જીવ સ્થળે મુનિજી પહોંચ્યા પરઠવતાં પહેલા એકાદ ટીપું પડયું. કીડીઓ દોડી પણ તુરતજ મૃત્યુને શરણ થઇ જીવો ઉપર દયા રાખનાર મુનિનું મન ખળભળી ઉઠયું પરઠવવાને બદલે તેનું ભક્ષણ કર્યું અને અનશન સ્વીકાર્યું તુંબડાએ અકથ્ય પીડા સર્જી છતાં વિશુદ્ધ અધ્યવસાયમાં મુનિજી સ્થિર રહ્યા. અંતકૃત કેવળી થઇ, મુકિત પામ્યા.

પૃથ્વીપાલને આ વાતની જાણ થઇ ક્રોધાવેશમાં સિદ્ધિમતિને સરાવલાના હાર પહેરાવી નગર બહાર કાઢી મૂકી, ઉગ્ર પાપ પરિણમ્યું અને તે કોઢથી ગળતા શરીરવાળી બની છેવટે મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગઈ

ત્યાંથી નીકળી, અનુક્રમે અસંખ્ય દુઃખ સમૂહથી બળતી એવી સાતે નરકમાં ફરી પછી કૂતરી, સાપણ, ઉંટડી, ભૂંડણી, જળો, ઉંદરડી, કાગડી, બીલાડી, ગધેડી અને ગાય થઈ

એક દિવસ તે ગાય, પર્વતના માર્ગે પડી હતી ત્યારે મુનિએ આપેલા નમસ્કાર મંત્રને સાંભળ્યો તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંત્રના પ્રભાવથી શાંત ચિત્તવાલી ગાય મૃત્યુ પામી પણ બાકી રહેલ કુકર્મના પાપથી તું દુર્ગંધા નામે શ્રેષ્ઠીપુત્રીપણે ઉત્પન્ન થઇ.

મુનિના આ વચનથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. નરકાદિ દુઃખ સાક્ષાત નજરે જોયા તેથી ભયથી વિહ્વલ બનીને ગુરુને હાથ જોડીને કહેવા લાગી.

હે સ્વામિન્ ! હું બહુ ભય પામી છું. આ દુઃખ સમુદ્રમાંથી મારો ઉદ્ધાર કરો. દયારૂપ અમૃતના સાગર જેવા અમૃતાસવ મુનિજીએ કહ્યું, "હે વત્સે ! તારે રોહિણી નામના નક્ષત્રને વિષે નરંતર સાત વર્ષ સુધી વિધિ પ્રમાણે ઉપવાસ કરવો આ વ્રત કરવાથી, આવતે ભવે તું અશોકચંદ્ર ભુપતિની સ્ત્રી રોહિણી નામે થઈશ તે ભવમાં દીર્ઘકાળ સુખ ભોગવી, શ્રી વાસુપૂજ્ય સ્વામીની સેવાથી પતિ સહિત મુક્તિ પામીશ "તારે રોહિણી તપનું ઉદ્યાપન ઉત્સવપૂર્વક કરવું"

## –: વિધિ :–

વૃક્ષ ઉપર રોહિણી અને અશોક ભૂપતિ સહિત શ્રી વાસુપૂજ્ય સ્વામિની ઉત્તમ શોભાવાલી મૂર્તિ કરવી તેમની સમક્ષ પ્રાણાતિપાત વર્જીને પ્રભુનો સ્નાત્ર મહોત્સવ કરવો પ્રભુનું પૂજન સુગંધી ચંદન, પુષ્પ, સુવર્ણ મણિ આદિથી કરવું. પ્રભુ સમક્ષ ફળ, નૈવેદ્ય ચોખા વિગેરે મૂકવા. તેમજ ગીત, નૃત્યાદિકથી પ્રભાવના કરવી સાધર્મિકોની વસ્ત્રાભૂષણ તથા ભોજન વડે ભક્તિ કરવી દીન જનોને દાન આપવું પાત્રને વિષે ભક્તિ તેમજ શક્તિ મુજબ દાન આપવું પોતના દ્રવ્યથી જૈન પુસ્તકો લખાવવા ! "

દુર્ગંધાએ પુછ્યું "આ તપ પૂર્વે કોઇએ કર્યું છે ?" હોય તો કૃપા કરી અમને કહો !'

સિંહસેન અને કનકપ્રભાનો પુત્ર દુર્ગંધ હતો તેણે આ તપ કર્યું છે. તે પૂર્વભવમાં મૃગમાર નામનો પારધી હતો તેની દુર્ગંધ મટી અને 'સુગંધ' નામ પડ્યું.


હર્ષિત બની દુર્ગંધા, મુનિજીને નમસ્કાર કરી નગરમાં આવી વિધિપૂર્વક વ્રત કર્યું તે સુગંધવાળી બની અંતે સુખના ધામ રૂપ સ્વર્ગમાં ગઇ.

તે આ રોહિણી તારી સ્ત્રી થઈ છે તું પોતે તે સુગંધ છે.

આ સાંભળતાં, અશોકચંદ્રને જાતિસ્મરણ જ્ઞાન થયું અનેક રાજા સાથે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો અને પોતાને ઘેર ગયા.

એકદા અશોકચંદ્ર ભૂપતિ સભામાં બેઠો હતો વનપાલે આવીને વધામણી આપી "હે વિભો ઉદ્યાનમાં શ્રી વાસુપૂજ્ય પ્રભુ સમવસર્યા છે. રાજાએ તમામ અલંકારો વનપાલને વધામણી માટે આપ્યા.

નાગપુરને શણગારી, પરિવાર સહિત રાજા વંદન કરવા ઉપડ્યો શ્રી જિનેશ્વર ભગવંતના ઉપદેશથી વૈરાગ્ય પામ્યો. નાના પુત્રને રાજ્યકારભાર સોંપ્યો તેણે પત્ની સહિત દીક્ષા લીધી તે પ્રભુ સાથે વિહાર કરતા દીર્ઘકાળ સુધી તપ કરી શ્રી અશોકચંદ્ર મુક્તિ પામ્યા રોહિણી પણ મુક્તિ પામી.






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મની બાળપોથી

પ. પૂ. શ્રીપૂર્ણાનંદવિજયજી (કુમાર શ્રમણ)

## સંસારનો સર્જનહાર ઈશ્વર નથી.

ગમે તેવા નિરક્ષર માણસને આપણે પૂછીએ કે–આ વિશ્વમાં આંબાનું ઝાડ પહેલા હતું ? કે તેની ગોઠલી પહેલી હતી ? જવાબમાં તે માણસ બિનધાસ્ત કહેશે. બંને તે અનાદિકાળની કહેશે, અર્થાત્ આંબો જેમ અનાદિકાળથી છે તેમ ગોઠલી પણ અનાદિકાળની છે, કારણ કે આંબાના ઝાડની વિદ્યમાનતાં હોય ત્યારેજ ગોઠલીની ઉત્પતિ છે અને તે વિના આંબાનું ઝાડ પણ કોઈ કાળે હોઈ શકે જ નહિં. આ જેમ સત્ય હકિકત છે. તેવી રીતે સૌ કોઈને સગી નજરે દેખાતો આ ચરાચર સંસાર પણ અનાદિકાળથી આમનો આમ ચાલ્યો આવે છે. આ વિશ્વના ઘડનારાને આજ સુધી ચર્મચક્ષુ કે દિવ્ય જ્ઞાનીઓના માલિકો પણ જોઈ શકયા નથી અને ભાવીકાળમાં જોઈ શકવાના નથી. તો પછી સંસારના ઘડનારાની કલ્પનામાં તર્ક–વિતર્ક તથા વિતંડાવાદના ચક્રાવે ચડી જીન્દગીને ખપાવી દેવાની શી જરૂર છે ?

આમ છતાં પણ સંસારનું સંચાલન અનાદિકાળથી અત્યાર સુધીના એકેય ક્ષણ માટે પણ બંધ રહ્યું નથી. તેમજ અવ્યવસ્થિત થયું નથી અને થશે પણ નહિં

પોતાની કુક્ષિમાં રહેલા બચ્ચાનું ઘડતર ઈશ્વર કરી રહયાનો અનુભવ સંસારભરની કોઇપણ સ્ત્રીને થયો નથી. નવ મહિના પછી જન્મ લેનારા બચ્ચાને હાથ પકડીને ઈશ્વર બહાર કાઢી રહયો હોય. આવી ઘટનાને કોઇએ જોઈ નથી તથા અનુભવી પણ નથી. સમયસર આકાશમાં વાદળા કયાંથી આવ્યા ? ઇન્દ્રધનુષ્ય કોણે બનાવ્યું ? એક જ માતા–પિતાને ત્યાં જોડલા તરીકે જન્મ લેનારા ભાઇઓમાં પણ સાહસ-પ્રતાપ-જ્ઞાન–વૈરાગ્ય યશ અને આરોગ્યમાં આકાશપાતાળ જેટલો ફેરફાર કરનાર કોણ ?

ઉદ્યોગ-બુદ્ધિ અને વિજ્ઞાન સરખા હોવા છતાં પણ કેટલાકો સિદ્ધિના સોપાનોને વશ કરે છે. જયારે બીજાઓ સર્વથા નિષ્ફલ જાય છે. આમાં કારણ શું ? ભૂમિમાં નાખેલા ધન્યને અંકુરિત કરનાર કોણ ? જન્મેલા બચ્ચાને યુવાવસ્થા પ્રાપ્ત કરાવવામાં અને તેના માટે ભોગ્ય તથા ઉપભોગ્ય પદાર્થોનું નિર્માણ કરવામાં ઇશ્વરની વિદ્યમાનતા કયાંય દેખાતી નથી.

થોડા દિવસો પહેલા જે કેરીનો લીલોરંગ અને ખાટો રસ હતો ત્યારે તેજ કેરી સમય જતા પીળા રંગની અને મધુર રસની કેવા રીતે બનવા પામી ઈત્યાદિક અગણિત પ્રશ્નો આજ સુધી પણ નિરાકરણ થયા વિના પડ્યાં છે.

આવી પરિસ્થિતિમાં દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીના વચન પ્રમાણે તથા ' કરમ પરધાન વિશ્વ કરી રાખા જો જસ કરઇ વો તસ ફળ ચાખા ' તથા' તસ્મૈનમઃ કર્મણે ' ઇત્યાદિ સત્યાર્થે દૃષ્ટિ મહાપુરુષોના વચનોથી આપણે એટલું તથ્ય જાણી શકીએ છીએ કે આ બધીય સંસારની નાટકની લીલા જીવાત્માના કરેલા કર્મોના અનુસારે જેમ જેમ સમય પકે છે તેમ તેમ પોતાની મેળેજ કોઈના સહાયતા વિના બનતી રહે છે, તેથી સંસારનું સંચાલન ઇશ્વર પ્રેરિત નથી પણ કર્મ–પ્રેરિત છે.

સોનાની ખાણમાં સોનું અને માટી જેમ અનાદિ કાળના સાથીદાર છે. તેમ આ વિશ્વમાં જીવ સાથે કર્મરૂપી માટી પણ અનાદિ કાળથી છે. જીવાત્મા સૌથી પહેલા શુદ્ધ હતો પણ ઇશ્વરે પોતાના માયારૂપી નાટકને રમવાની ઇચ્છાથી જીવમાત્રને માયાના ચક્રાવે ચડાવીને કર્મોના ભારથી ભારે કર્યો છે ઇત્યાદિક પ્રશ્નો અને જવાબો સર્વથા નિરર્થક તો છેજ સાથોસાથ ઇશ્વરના નિરંજન નિરાકાર-શુદ્ધ-બુદ્ધ અને સર્વજ્ઞ જેવા વિશેષણો પણ નિરર્થક બનવા પામશે, કારણ કે જે વ્યક્તિ માટે જે વિશેષણો લગાડવામાં આવ્યા છે.

યદિ તે તે વિશેષણોના ગુણધર્મ તે વ્યક્તિમાં ન હોય તો કાંતો વ્યક્તિ ખોટો પડે છે, અથવા વિશેષણો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લગાડનારનું અજ્ઞાન સાબીત થાય છે. બીજી વાત એ છે કે કોઇપણ શુદ્ધાત્મા કર્મોના ભારને માથા પર લઈ દુર્ગતિઓમાં યમદુતોના માર ખાવા માટે પસંદ કરેજ નહિ માટે જીવો અનાદિ કાળના અને તેની સાથે ચોંટેલી કર્મસત્તા પણ અનાદિ કાળની છે જીવો કોઇ-નાથી કયારેય પણ ઉત્પાદિત નથી તેવી રીતે કર્મ-સત્તાની આઠ પ્રકારની કર્મવર્ગણા પણ આકાશસ્તિતકાયના પ્રદેશોમાં વિદ્યમાન છે બંનેની વચ્ચે રાગ-દ્વેષ મોહ-માયા અને અવિરતિની ચિક્કાસ રહેલી હોવાથી કર્મો પોતાની મેળે જીવાત્મા સાથે સંબંધિત થઈ જાય છે જીવ ચૈતન્ય છે અને કર્મો જડ છે.

## કર્મ સત્તા :-

પૌદ્ ગલિક દ્રવ્યોના પરિણમનથી પ્રતિક્ષણે પાર-વર્તિત આ સંસારમાં ' કર્મેરિતં સર્વ જગત્પ્રપચમ્ ' એટલે કે કીટથી લઈ ઈન્દ્રો સુધીના જીવોમાં જે હલન ચલન સંયોગ-વિયોગ રૂપ જગતનો પ્રથેચ દેખાય છે તેનું મૌલિક કારણ કર્મસત્તા જ છે માટે શ્રુતિ-યુક્તિ અને અનુભૂતિથી આ વચન માન્યતા વિદ્વન્માન્ય તથા યોગિગમ્ય છે.

સૂર્યનારાયણ પર જેમ જેમ વાદળાઓનું આવરણ આવે છે. અને તેની કાન્તિ ઝાંખી પડે છે. તેની રીતે આત્માની અનંત શક્તિઓને ઝાંખી કરનાર કર્મસત્તા ( પ્રારબ્ધ કર્મ ) છે. જે તે પ્રકૃતિ મયા અદષ્ટ વાસના વગેરે જૂદા જૂદા નામે અન્ય દર્શનકારો સંબોધે છે. પૂર્વભવીય કર્મસત્તાના કારણે મોહ અને માયામાં મશગૂલ બનેલો જીવાત્મા કેવી કેવી ગતિઓમાં, યોનિ-ઓમાં તથા કયાં કયાં ગંદા સ્થાનોમાં ભ્રમણ કરે છે તથા ત્યાં કેવા કેવા નારકીય દુઃખોને તથા તિર્યંચિ અવતારના દુઃખોને ભોગવે છે તેને સ્પષ્ટ ઉલ્લેખ જૂદા જૂદા મહર્ષીઓના શાસ્ત્રોમાં જોવા મળે છે. જેમ કે.

અંસારના સંચાલનમાં કર્મસતા જ પ્રધાનપદે છે. ગ્રહો ગમે તેટલા શુભ બન્યા હોય તો પણ કર્મોની આગળ તેમનું જોર ચાલતું નથી અન્યથા રામ જેવા પુરૂષોત્તમ, દશરથ જેવા જ્ઞાનધરી, વસિષ્ટ જેવા બ્રાહ્મ તેજસ્વી મુહૂર્ત દેનારા અને રામચન્દ્રજીને રાજ્યાભિષેકના સમયે વનવાસ લેવો પડયો છે. '

આ કર્મોના કારણે બ્રહ્મા જેવાને પણ કુંભાર જેવા કાર્ય વિષ્ણુને દશાવતાર લેવાંના, શંકરને ભિક્ષાન્ન ખાવાનું, સૂર્યનારાયણને આકાશમાં ચક્ર મારવાના ગોરખ ધંધા કરાવનાર કર્મસતાને વારંવાર નમસ્કાર છે.

ઈત્યાદિક જૈનતરોના અગણિત કર્મની પ્રધાનતાવાળા શસ્ત્રોના ઉલ્લેખો જોયા પછી, તીર્થંકર પરમાત્માના સિદ્ધાન્તો આપણને ત્રિકાળાબાધિત લાગે તેમાં શું આશ્ચર્ય ?

## અનાદિકાળત જૈન શાસન

સૂર્ય અને ચન્દ્ર આકાશમાં જૈન અનાદિકાળથી છે તેમ જૈન-દર્શન જૈનધર્મ પણ અનાદિકાળથી છે કોઇ-પણ કાળે તે અદશ્ય થયું નથી અને અનંત કાળે પણ અદશ્ય થવાનું નથી ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ પણ અનાદિકાળના છે, જે જીવમાત્રના પ્રતિ પ્રદેશ સાથે દૂધ અને સાકરની જેમ એક રસ બનેલા છે. તે પુણ્ય પાપને સંપૂર્ણ રીતે ક્ષય કરવા માટેના વિધિ વિધાનો જૈન દર્શનમાં જેવી રીતે સુસંગત છે તેવા બીજે ક્યાંય નથી.

દેવ-ગુરૂ સમ્યગ્દર્શન સમિતિ ગુપ્તિ ભાવના અનુપ્રેક્ષાના માધ્યમથી જીવાત્માને પ્રતિક્ષણે લાગતા નવા શુભાશુભ કર્મોના દ્વાર સર્વથા બંધ થઇ જાય છે. અને સમ્યક ચારિત્ર, ધર્મ અને તપશ્ચર્યાથી જુનાશુભ કર્મો ભસ્મીભૂત થાય છે. માટે જ કહ્યું છે કે

**" પુણ્ય પાપયોક્ષયો મોક્ષ :**
**કૃત્સ્નકર્મ ક્ષયો હિ મોક્ષ :**

આવા અત્યુત્તમ-લોકોત્તર જૈન શાસનને પામીને જીવમાત્ર પોતાની કરણીને સમજી લે અને જીવનમાં ઉતારી લે તો આત્માને પરમાત્મા બનતાં વાર લાગતી નથી. કેમકે...' આત્માજ પરમાત્મા છે ' ' નરજો નિજ-કરણી કરે નારાયણ હો જાય " પરંતુ લોખંડ અગ્નિના સહવાસથી કૂટાય છે અને લોહારની કલ્પનાનુસારે જૂદા જૂદા ઘાટે ઘડાય છે. તેવી રીતે અનંત શક્તિના

[ અનુસંધાન પાના ૩૯ ઉપર ]






For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✠ જૈન શાસનનું અમૂલ્ય રત્ન ✠



## વિજયમોતીપ્રભસૂરિશ્વરજી મ. સા.

ભારતના હૃદયે શોભતો અલંકાર સમ ગુજરાત દેશ, તેનું મહીમાવંતુ પાટનગર અમદાવાદ અનેક જિન મંદિરોથી દિપતું અને રળિયામણું બનેલ. નદી સાબરમતીથી. પવિત્રાથી પ્રસિદ્ધિએ પહોંચેલુ સંતપુરુષોના ચરણકમળના સ્પર્શથી.

આ રાજનગરમાં ન્યાય, નીતિ અને સુ-સંસ્કારથી સમૃદ્ધ એવું શ્રી મણિભાઇનું કુટુંબ વસે. જીવનમાં મંગલ અર્પે એવી પત્ની સુમંગલા. બન્ને ધર્મથી રંગાયેલ જીવનની છાપ ઉપસાવતાં.

વિ. સં. ૧૯૫૨ અને ફાલ્ગુન વદ ૮નો અનેરો પુણ્યવંતો દિવસ, પ્રથમ તીર્થંકર આદિનાથ પ્રભુના જન્મ કલ્યાણકનો દિવસ, વિશેષત : તેમનાજ દીક્ષા કલ્યાણકનો દિવસ. વાહ, રે વાહ ! વર્ષીતપની ભવ્ય મંગળમય શરૂઆતનો દિવસ ત્રિવેણી પવિત્રતાના શુભ દિવસે આ મહાત્માનો જન્મ નામ રાખ્યું મોહન સહુને ઘેલું લગાડનાર પુત્ર.

પિતા તરફથી આત્માને અજવાળતો મણિમય પ્રકાશ સાંપડયો. માતા સુમંગલા તરફ મંગલમય પંથના પથિક બનવાની પ્રેરણા સાંપડી. બાળકે શરૂઆતમાંજ જીવન-ધન્યતા અનુભવી.

યુવા વસ્થાના ઊંબરે પહોંચતા જ સાચા રાહની તમન્ના લાગી. સંસાર વિષમય ભાસ્યો પણ કોઈ એક એવા કર્મની નાચૂડે સંસારી જીવન તરફ ધકેલ્યા. માત પિતાના આગ્રહ સામે નમતું જોખવું પડયું. પત્ની માણેકબેન સાથે સંસારી જીવન થોડો સમય વીતાવ્યું. સંતાનમાં બે પુત્રીઓ ખૂબ સંસ્કારી.

એક વખતનો શુભ અવસર શાસન સમ્રાટ નેમિ· સૂરિશ્વરજીની વૈરાગ્યમય દેશના રાજનગરમાં પાંજરાપોળ ઉપાશ્રયે સાંભળી દીક્ષાની ઉત્કટ ભાવના જન્મી અને સંસાર પ્રત્યે ઉદ્‌વેગ અને અભાવો સર્જાયા આ શુભ· કામના સફળ બની વિ. સં. ૧૯૮૨ ના પોષ શુદ ૩ ના શુભ દિવસે તીર્થભૂમિ સમય પાટણમાં સંયમધારી બન્યા. શાસન સમ્રાટ વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.ના પટધર શાસન રત્ન પૂ૦ વિજયજી ઉદયસૂરિ. મ. સા. ના શિષ્ય રત્ન તરીકે મુનિશ્રી મોતિવિજયના નામે જાહેર થયા.

પૂ૦ શાસનસમ્રાટશ્રી શુભ નિશ્રામાં ૨૩ વર્ષ રહી જ્ઞાન, ધ્યાન, તપ, યોગોદ્‌વહન, ભક્તિ વગેરે તેમજ જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપની ભવ્ય આરાધના કરતાં, તેઓશ્રીએ ગણિપદ, પન્યાસપદ ઉપાધ્યાયપદ પ્રાપ્ત કર્યા.

વિ. સ. ૨૦૧૯માં સિદ્ધક્ષેત્રમાં પૂ૦ ગુરુદેવશ્રીના વરદ હસ્તે આચાર્યપદથી વિભુષિત બન્યા.

તેઓશ્રીએ દીક્ષાઓ,, વડીદીક્ષાઓ પદવીઓ અર્પીને અન્ય આત્માઓને શાસન સેવકો બનાવ્યા ઉપધાન, ઉજમણા છ'રી પાળતા સંઘો, અંજનશલાકા, પ્રતિષ્ઠા જીર્ણોદ્ધાર શાસન પ્રભાવનાના અનેક કાર્યો કરાવ્યા છે સાત ક્ષેત્રમાં રહેલ સ્વામિ ભક્તિ અને જીવદયા માટેનો તેમનો ઉપદેશ અનેકને ઉપકારક બન્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ બાળ વૃધ્ધ પ્રત્યે વાત્સલ્યમૂર્તિ ગુરુદેવને કોટી કોટી વંદન.

વ્યાખ્યાન પાટ ઉપર બેસતાં ત્યારે તેમનો શાંતિ અને સમતા વાહક ભાવ અનેરો પડતો. શુદ્ધ ઉચ્ચાર અને ભાવપૂર્વ મંગલાચરણ શરૂ થાય અને શ્રોતાજનો દિવ્ય શાંતિ અનુભવતા. તેમનો સંપર્ક પારસમણિ તુલ્ય હતો. આવનાર વ્યક્તિ નાસ્તિ । ખંખેરી આસ્તિક બનતી, અનુષ્ઠાનમાં લાભ લેવ.ની તમન્ના ધરાવતી.

જીવન ખૂબજ પવિત્ર અને તપોમય હતું છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, પંદર. સોળભતુ, વર્ધમાનતપ નવપદની ઓળી-વગેરેથી તેજસ્વિતા પ્રાપ્ત કરેલ. વળી સંયમ જીવનની આરાધના-ક્રિયા અપ્રમત્તભાવે કરતા. વાચનમાં મશગુલ રહેતા.

ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, માળવા, મેવાડ આદિમાં વિહાર કરી, ભાવપૂર્વક યાત્રાઓ કરી અને ભવ્ય જીવોને બોધ આપી, શાસનના અડિખમ ભક્ત બનાવી, શાસનની શોભા વધારી હતી.

વિ. સં. ૨૦૩૮માં ગોડીજી જૈન ઉપાશ્રયે પૂ. ગુરુદેવનું ચ તુર્માસ ઘણીજ સુંદર રીતે થયેલ. આરાધના પણ ઘણીજ સારી સહુના ઉત્સવ, ઉલ્લાસ અનુમોદનીય હતા.

વિ. સ. ૨૦૩૯ના કારતક સુદ ૮ના પ્રતિક્રમણ, સંથારા પોરિસી કર્યા બાદ રાત્રે આઠવાગે તેઓશ્રીની તબિયત એકાએક નરમ થઇ તુરતજ ડો ભૂપતભાઈ, ડૉ. ભીમાણીને બોલાવ્યા ઉપચાર શરૂ થયા. થોડા સમય બાદ તબિયત વધુ બગડવા લાગી.

તેઓશ્રી સ્વમુખે નવકારમંત્ર બોલતા ને સાંભળતા. અપૂર્વ નીજામણા પૂર્વક શુદ્ધ નવકાર બોલતા અને ચોરાશી લાખ જીવોને ખમાવતા, ' મિચ્છામિ દુકકડમ્ ' બોલતા. સમતા સહિત અપૂર્વ આરાધના કરતાં શ્રીસંઘની સાક્ષીએ, નવકારમંત્રની ધૂન સહિત, રાત્રિના ૧૧-૩ મિનિટે સમાધિ પૂર્વક નશ્વર દેહને ત્યજી સ્વર્ગ સિધાવ્યા.

શહેરમાં વાયુવેગે સમાચાર પ્રસર્યા. ભક્તજનો દર્શનાર્થે આવવા લાગ્યા તાર, ટેલીફોન દ્વારા સમાચાર ગામે ગામ પહોંચતા થયા. પૂજ્યશ્રીના કુટુંબીજનોને સમાચાર મળતા જ પરિવાર સહિત આવી ગયા. તે દિવસે ભાવનગરના તમામ બજારો બંધ રહ્યા.

બીજે દિવસે વિજય મુહૂર્તે ૧૨-૩૯ મિનિટે પૂજ્યશ્રીને પાલખીમાં બેસાડયા. મુખાકૃતિ ઉપર કશાં ફેરફાર ન હતા. ભાવનગરના શ્રીસંઘ, શ્રી ગોડીજી કમિટિના સભ્યો, ' અનેક મંડળોના સભ્યો સેવા કરવામાં ખડેપગે રહ્યા હતા. પૂજ્યશ્રીની ભક્તિનો લાભ આબાલ વૃદ્ધ-સહુએ લીધો હતો. શ્રી ગોડીજી ઉપાશ્રયથી પૂજ્યશ્રીની યાત્રા શરૂ થઇ અને દાદાસાહેબના પટાંગણમાં પાલખી પધરાવવામાં આવી.

પૂ૦ શ્રી વિજયઉદયસૂરિ મ. સા ની દેરી પાસે તેમના દેહનો અગ્નિ સંસ્કાર કુટુંબીજનોના હસ્તક થયો. ત્યારે અમદાવાદ, બોટાદ, મહુવા, કુંડલા, તળાજા, ત્રાપજ, વીંછીયા, રાજકોટ, વાંકાનેર, મોરબી વગેરે શહેરોના ભક્તજનો હાજર હતા.

પૂજ્યશ્રીનું સ્મારક ( દેરી ) કરવાનું શ્રીસંઘે નક્કી કરેલ છે. તે સમયે સારી રકમ ફંડ થઇ ગયું.

પૂજ્યશ્રી પ્રશાંત મૂર્તિસમ, ભદ્રિક પરિણામી સરળ, લાગણીશીલ, વાત્સલ્યમાં-અમીદષ્ટિ યુકત હતા જૈન શાસનના અણમોલ રત્ન સમાન પૂ૦ શ્રી વિજયમોતિપ્રભસૂરિને કોટી કોટી વંદન.

શાસન-સમુદાયમાં તેમની મહાન ખોટ પડી છે પૂજ્યશ્રીના પટ્ટધર શાસન રત્ન આ. શ્રી નયપ્રભસૂરિ, ગણિવર્યશ્રી યશોદેવવિજય મ. સા. મુનિવર્યશ્રી લબ્ધિવિજય, બાલમુનિ શ્રી જયપ્રભવિજય-ને પડેલ ખોટ અવર્ણનીય છે.

**ગણિવર્ય શ્રી યશોદેવવિજય**
ગોડીજી ઉપાશ્રય, ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાખ રૂપિયાથી વધુ દેશની શાખ

લેખક "સ્નેહદીપ" (હિન્દી પરથી)

વિદ્રોહની જવાળાઓથી દિવસો ભડકે બળી રહ્યો હતો. રાત્રિઓ ચિનગારીઓથી જલતી હતી. માથા ફરેલ કેટલાય નવજવાનો કુર્બાનીના રાહ પર એક પછી એક મસ્તક પર કફનબાંધી આગળ વધી રહ્યા હતા.

અલીપુર કાંઠાના ધડાકાથી અંગ્રેજ સલ્તનતના પગ ડગી ગયા હતા. હચમચી ગયેલી સરકારે કેટલાય ભારતીય નજવનોને બગાવતનું નામ ચઢાવી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. આ સર્વેના સુત્રધાર હતા અરવિન્દ ઘોષ. ક્રાન્તિકારોના ટોળામાં મશાલ બની તેઓ ધૂમી રહ્યા હતા. તેમને પણ જેલ દરવાજા પાછળ ધકેલી દીધા હતા. અગ્રેજ સરકારે તેના ઉપર મુકર્દમો ચલાવવાની તૈયાર કરી.

આ તરફ તે સમયના બેરીસ્ટર ચિત્તરંજનદાસ જે દેશબન્ધુના નામના પ્રખ્યાત હતા. તેમણે દેશભરમાં અરવિન્દ ઘોષ તેમજ તેમના સાથીઓને બચાવવા તન તોડ પ્રયત્ન શરૂ કરી દીધા, આ બારામાં તેમણે કેટલાય લોકો પાસેથી પૈસા લીધા હતા. એક વેપારી જેણે બે માસ પહેલાં બે લાખ રૂપિયા આપ્યા હતા પુરી રકમ વસુલ કરવા તેમના મકાન પર આવેલ. તે કડકાઈથી પોતાની રકમ વસુલ કરવા બોલી રહ્યો હતો. દેશબન્ધુ તેમને પોતાની સ્થિતિ સમજાવી રહ્યા હતા. પણ તે ગૃહસ્થને બે લાખ રૂપિયા સિવાય કોઈ બીજી વાત મંજુર ન હતી. એકાએક એક સજ્જન તે સમયે તેમની પાસે આવ્યો. દેશબન્ધુને કહ્યું, "જુઓ, મારો આ કેસ આપના હાથમાં લો, હું પૂરા પાંચ લાખ રૂપિયા આપીશ, કેસ જટિલ છે. આપને આ કેસ પર સમય આપવો પડશે."

શું તમે મારા મેજ ઉપર આ કાગળોને જોતા નથી? હું આપણા આઝાદી પર દીવાના બનેલ મિત્રો માટે કેસ લડી રહ્યો છું. આ વખતે બીજું કશું કરવા માગતો નથી.

પણ પાંચ લાખથી વધુ જોઈએ તો પણ આપ કેવી વાત કરી રહ્યા છો? મારા મિત્રો જેલમાં છે અને હું આપનો કેસ લડું? અને તે પણ પૈસા માટે? નહિ બને, એ નહિ બને.

જે સજ્જન બે લાખ પાછા લેવા આવ્યા હતા તે સતબ્ધ થઈ ગયા, "આ મૈત્રી! આવી ભાવના દેશના માટે? ઉતાવળે ખીસ્સામાંથી ચેક બુક કાઢી પોતાની સહી કરી, દેશબન્ધુના ટેબલ પર રાખી દીધી.

આપ ચાહો તે રકમ આમાં ભરી દો આપના માટે જેટલા રુપિયા આપું તેટલા ઓછા છે. પેલા બે લાખ રૂપિયા પણ પાછા નથી જોઇતા.

આવો પણ જમાનો હતો પણ આજે—

અનુ પી. આર. સલોત

## ચિંતન કણિકા

મળતા પ્રકાશો નવ નવા, ત્યાં આત્મવૃદ્ધિ થાય છે
અનુભવ ગ્રાહીને યોગીઓ પ્રગતિને પંથે ધ્યાય છે,

✠ ✠ ✠

પરમાર્થ માટે પ્રાણ છે, આત્મદિપેકે જેહના
અવતાર તેનો સફળ છે જગવૈદ્ય છે પદ તે હતા.

સ્તંભો વિના પ્રસાદ નહીં ને ઘર નહીં અનુભવ કરો,
સ્તંભો રહે કાયમ સદા, એવા ઉપાયો અનુસરો.

✠ ✠ ✠

આચાર્ય આદિસ્તંભો સદા જગ જાગતા;
પોષણ કરો તેનું સદા, તે પર ધરી બહુ રાગતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તરની પૂર્વભૂમિકા

લેખક : **શાંતિલાલ દેવચંદ શાહ.**

(૧) સંસાર અનાદિ છે, કેમકે કોઈ કાળે જેની ઉત્પત્તિ થતી નથી તે અનાદિ કહેવાય છે અને જેની ઉત્પત્તિ હોય તેની આદિ છે. 'સંસાર પહેલા હતોજ નહિ, પછીથી કોઇએ બનાવ્યો' આવી માન્યતા શાસ્ત્ર,-તર્ક અને અનુભવથી માનવાલાયક ન હોવાથી અસત્ય બને છે, માટે સંસાર અનાદિ છે.

(૨) સંસાર અનંત છે કેમકે તેનો અંત કોઇ કાળે, કોઇની શક્તિ વિશેષથી પણ થઈ શકે તેમ નથી. બેશક કોઇનો પણ સ્થાનાંતર થવા માત્રથી તેનો નાશ થઈ જવાની કલ્પના કરવી તે સર્વથા અજ્ઞાનને આભારી છે. આજે પણ આપણે જોઇ શકીએ છીએ કે જે સ્થાન પર ગઈકાલે સમુદ્ર લહેરાતો હતો અને તોફાન મચાવતો હતો ત્યાં આજે મોટી મોટી ઇમારતો ઉભી છે અને હજારો મોટરો દોડધામ કરી રહી છે, તેટલા માત્રથી સમુદ્રના નાશની કલ્પના શી રીતે કરાય ? કાળચક્રના પ્રભાવથી આજે ભરત અને ઐરાવત ક્ષેત્રમાં તીર્થંકર-પરમાત્મા કે કેવળી ભગવંતો નથી, માટે સંસારભરમાં તેમની હયાતીનો અભાવ માનવા જઈએ તો કેવી દશા થાય ? કેમકે મહાવિદેહ ક્ષેત્રમાં આજે પણ હજારો, લાખો અને કરોડોની સંખ્યામાં કેવળ જ્ઞાનીઓ છે અને વીશની સંખ્યામાં તીર્થંકર પરમાત્માઓ પણ વિધમાન છે. તેથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના કારણે દ્રવ્ય તથા પર્યાયોના સ્થાનાંતર થવા માત્રથી શંકરના ડમરૂવાદે સંસારનો નાશ કર્યો તેમ માનવું સ્પષ્ટ રીતે ભૂલ ભરેલું છે. માટે ૩૩ કરોડ દેવો ભેગા મળીને પણ સંસારનો અંત (નાશ) કરી શકવાના ન હોવાથી સંસારને અનંત કહ્યો છે.

(૩) ચૌદ રાજલોક પ્રમાણ બ્રહ્માંડમાં દ્રવ્યો (પદાર્થો) એક-બે કે ત્રણ નથી પણ અનંત દ્રવ્યો છે. અને એક એક દ્રવ્યના પર્યાયો પણ અનંત છે. આમ અનંતાનંત પર્યાયો અને ગુણોથી પૂર્ણ અનંત દ્રવ્યો સંસારમાં કોઈ કાળે નાશ થવાના નથી તેમ તેનાથી સંસાર રિક્ત પણ થવાનો નથી. તેમના પર્યાન્તર કે સ્થાનાંતર તો જૈન શાસનને પણ માન્ય છે. આજનો માનવ આવતીકાલે હાથી, દેડકો, કાગડો કે નરક ભૂમિનો કીડો પણ બની શકે છે. તેમ આજનો નારકજીવ આવતીકાલે તીર્થંકર પરમાત્મા, કે વળી, મહાવ્રતધારી કે રાજાધિરાજ પણ બની શકે છે. તેથી માનવ-સમાજનો નાશ થઈ ગયો તેમ માનવું બેહદ અજ્ઞાન છે. એક સમયે માનવનું શરીર પાંચસો ધનુષ્ય પ્રમાણ હતું, આજે આપણે સાવ વેંતીયા છીએ અને છઠ્ઠા આરાના માનવો વેંતીયા શરીરમાં પહાડ, નદી કે નાળાના બીલોમાં રહેશે, તેથી માનવોના પર્યાયોનો નાશ કહી શકીએ પણ માનવ જાતનો નાશ થયો કહેવામાં ભૂલ છે. આજનો અકાટય વિદ્વાન-પંડિત-મહાપંડિત મસ્તિષ્કની કમજોરીને કારણે સાવ બુધ્ધુ બની શકે છે અને આજનો બુધ્ધુ કે નિરક્ષર આવતી કાલે સાક્ષાર બની શકે, માટે તેના ગુણોનું પરિવર્તન માનવામાં વાંધો નથી, ગઈકાલે માંડવ-ગઢ, પાટણ તથા કૃષ્ણની દ્વારકા અને રાવણની લંકા જોઇને દેવોની અમરાવતી પણ લજાળું થતી હતી આજે તે શહેરો ડટ્ટણપટ્ટણ થઈ ગયા છે અને ગઈકાલે જયાં સમુદ્ર અને ખાડીઓ હતી ત્યાં માનવ માત્રને આકર્ષણ કરનારી મુંબઈ નગરી સૌને પોતાની સુંદરતાથી લલકાર કરી રહી છે. આ અને આના જેવા પ્રત્યક્ષ દેખાતા કે અનુભવાતા ચિત્રામણોથી સંસારનો યથાર્થ નિર્ણય કરવામાં વાર લાગતી નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪) સંસારમાં પરિભ્રમણ કરનારો જીવ જ્યારે અનાદિ કાળનો છે તો પછી તે પરિભ્રમણમાં મૂળ કારણરૂપકર્મો પણ અનાદિકાળના કેમ ન હોઇ શકે ? એટલે કે જીવનના અસંખ્ય પ્રદેશોમાં રહેલા કર્મો પણ અનાદિના છે અને શક્તિ સંમ્પન્ન છે. તેમ છતાં જીવાત્મા ચેતન હોવાથી અનાદિ છે તેને વળગેલા કર્મો જડ હોવાથી અને જીવદ્વારા ઉપાર્જન કરેલા હોવાથી અંતવાળા છે, પણ પોતપોતાની સ્થિતિ (મર્યાદા) પૂર્ણ થયે તે કર્મો આત્માના પ્રદેશોથી છુટા થાય છે અને ફરીથી નવા નવા કર્મો જીવને ચોંટતા જાય છે. આ કારણે પ્રવાહને લઇને કર્મોને પણ અનાદિકાળના કહ્યા છે. આ રૂચક પ્રદેશોને છોડી આત્માના શેષ પ્રદેશો અને તેમાં પણ એક એક પ્રદેશે અનંતઅનંત કર્મોની વર્ગણા (રાશિ) લાગેલી હોવાથી આત્મા પણ સ્વભાવે હળવો (અગુરૂ-લઘુ) હોવા છતાં પણ કર્મોના ભારથી ખૂબજ વજનદાર બનેલો છે.

પૂર્વોપાર્જિત કર્મોના ઉદયકાળમાં જીવનો સ્વભાવ ઘણા પ્રકારે વિચિત્ર હોય છે, જેના કારણે જીવનો સ્વભાવ (અધ્યવસાય-પરિણામ-લેશ્યા) પણ સમયાંતરે બદલાયા વિના રહેતો નથી આ પ્રમાણે તે કર્મોનો ઉદયકાળ પણ સૌ જીવોનો એકસમાન રહેતો નથી.

(શ્રી ભગવતીસૂત્ર સાર સંગ્રહ ભાગ ચોથામાંથી)

---

( અનુસંધાન પાના નં. ૩૪ નું ચાલુ )

માલિક જીવાત્માને પણ કરેલા અને કરાતા કર્મોના કારણે કુટાવું પડે છે મારખાવો પડે છે તથા ભવ ભવાંતરમાં જન્મ મરણ-શોક-સંતાપ દારિદ્ર્ય-વિયોગ દુર્ભાગ્ય તથા વૈર વિરોધના કડવા ફળો ભોગવવા પડે છે. આ કારણે કર્મસત્તા જ દુઃખદાયી છે. અને દુઃખ પરંપરક છે.

મોહ મદિરાનાપાનમાં બેભાન બનીને આત્મા જે જે ભૂલો કરે છે તે દુઃખનું મૂળ કારણ છે. ખાવામાં, પીવામાં, રહેણી કરણીમાં વ્યાપાર વ્યવહારમાં માણસ ભૂલો કરશે તો ચોક્કસ સમજી લેવાનું રહ્યું કે તેના માથા પર દુઃખોના ડુંગરાઓ આવવાની શરૂઆત કરી રહ્યાં છે 'યમ યમ अपराध तम तम कःरवम्' અપરાધો (જાણવા છતાં ભૂલો) થવામાં પણ મૂળ કારણ અજ્ઞાન છે '**अणाणेण यपं नाणं**' અજ્ઞાનેન-આવૃતં જ્ઞાનમ' અર્થાત્ અજ્ઞાન વડે જ જ્ઞાનદશા આવૃત થઈ જાય છે. ઢંકાઈ જાય છે. અને આંખ પર પાટો બાંધતા જે દશા માણસની થાય છે. તેવી જ દશા કે તેના કરતાં પણ ભૂંડી દશા આત્મા પર અજ્ઞાન અવિદ્યા અસ્મિતા રાગ-દ્વેષ અને અભિનિવેશના આવરણ આવતાં થઈ જાય છે, ત્યારે માણસના જીવનમાં વિવેકરૂપી દીપક પ્રજ્વલિત રહેતો નથી, અને પછી તો-

'**विवेकभ्रष्टानां शतशो विनिपातः** જ તેના ભાગ્યમાં શેષ રહલ છે.

( ક્રમશ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવ અટવીમાં ભૂલા પડેલા ભવ્યજીવોને આશ્વાસન અને સાન્ત્વના દ્વારા સમાધિ પ્રાપ્ત કરાવી અનુક્રમે મોક્ષનગરમાં પહોંચાડનારો અનિત્યત્વાદિ ૧૨ ભાવના અને મૈત્રી આદિ ૪ ભાવનાના સ્વરૂપને બતાવનાર...

મહોપાધ્યાય શ્રી વિનય વિજય વિરચિત-

## ॥ શ્રી શાન્તસુધારસ ગ્રન્થઃ ॥

# શાન્ત સુધારસ

પીઠિકા

**नारन्ध्रे भवकानने परिगलत्पञ्चाश्रवाम्भोधरे,**
**नानाकर्मलतावितानगहने मोहान्धकारोद्धुरे।**
**भ्रान्तानामिह देहिनां हितकृते कारुण्यपुण्यात्मभिः**
**तीर्थेशैः प्रथिताः सुधारसकिरो रम्या गिरः**
**पान्तु वः ॥ १ ॥ शार्दुलविक्रीडितम् ॥**

અન્વય – **परिगलत्पञ्चाश्रवाम्भोहरे, नाना कर्म लतावितानगहने मोहान्धकारोद्धुरे नारन्ध्रे इह भवाकानने भ्रान्तानां देहिनां हितकृते कारुण्यपुण्यात्मभिः तीर्थेशैः प्रथिताः सुधारसकिर, रम्याः गिरः वः पान्तु ।**

ચો તરફ વરસી રહેલા છે પાંચ આશ્રવરૂપ વાદળો જયાં વિધ વિધ કર્મરૂપ લતાના વિસ્તારની ગહનતા છે જ્યાં મોહ રૂપ અંધકાર જયાં વ્યાપી ને રહેલ છે એવા તથા સ્થાનાંતર કરવા માટે યોગ્ય માર્ગ વિનાના એવા ભવ-સંસાર રૂપ વનમાં

ભૂલા પડવાથી અહિં તહિં ભમી રહેલા જીવોના હિતને માટે કરૂણાભાવથી પવિત્ર થયેલ છે આત્મા જેઓનો એવા તીર્થંકર પરમાત્માઓએ સમવસરણમાં બિરાજમાન થઈને બારે પર્ષદાની આગળ કહેલ, વિસ્તારેલ અમૃતરસને વર્ષનરી રમ્ય વાણી ભવ્ય જીવોનું રક્ષણ કરો ! ! !

**स्फुरति चेतसि भावनया विना**
**न विदुषामपि शान्तसुधारसः ।**
**न च सुखं कृशमप्यमुना बिना**
**जगति मोहविषादविषाकुले ॥ २ ॥**
**द्रुतविलम्बितवृत्तम् ॥**

અન્વય – **भावनया विना विदुषामपि चेतसि 'शान्तसुधारस न स्फुरति' मोहविषादविषाकुले च जगति अमुनाविना कृशमपि सुखं न ।**

ભાવના વિના વિદ્વાનોના પણ ચિત્તમાં શાંતસુધારસ સ્ફુરાયમાન થતો નથી. અને આ શાંતસુધારસ વિના મોહ રૂપ સર્પના ડસવાથી ચઢેલ

વિષ ઝેરથી આકુળ-વ્યાકુળ એવા આ જગતમાં જરા પણ સુખ નથી.

**यदि भवभ्रम खेदपराङ्मुखं**
**यदि च चित्तमनन्त सुखोन्मुखम् ।**
**शृणुत तत्सुधियः शुभभावना**
**ऽमृतरसं मम शान्तसुधारसम् ॥ ३ ॥**

**चितं यदि भवभ्रमखेद पराङ्मुखं**
**यदि च अनन्त सुखोन्मुखम् ॥**
**तत् हे सुधियः ! शुभभावना मृतरसं**
**मम शान्त सुधारसं शृणुत ।**

તમારૂં ચિત્ત-મન જો ભવ સંસારમાં પરિભ્રમણના ખેદથી પરાઙ્મુખ થયું હોય અને જો અનંત સુખ સ્વરૂપ મોક્ષપદ પામવા સન્મુખ થયું હોય,

તો-હે સુંદર બુદ્ધિવાળા સજ્જનો, શુભ ભાવના રૂપ અમૃતરસ તુલ્ય આ શાંતસુધારસ ગ્રન્થને સાવધાન થઈને સાંભળો !

**सुमनसो ! मनसि श्रुतपावना**
**निदधतां द्वयधिका दश भावना**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**यदिह रोहति मोहतिरोहिता –**
**ऽद्भुत गतिर्विदिता समतालता ॥ ४॥**

હે સુમનસઃ ! **श्रुतपावना ह्यधिक दश भावनाः**
**मनसि निदधताम्**

**यह मोहतिरोहिताद् भुतगति विदिता समताळता**
**इह मनसि रोहति ।**

સુંદર વિચારવાળા હે સજ્જનો ! શ્રુત, કર્ણને પવિત્ર કરનારો બે અધિક દશ અર્થાત્ બાર ભાવના મનમાં ધારણ કરો ! !

તેમ કરવાથી આ મન રૂપ ભૂમિમાં મોહથી અવરાયેલ અદ્ભુતગતિવાળો, વિશ્વ વિખ્યાત એવી સમતા લતા આવિર્ભાવ પામીને પુન : વૃદ્ધિને પામે, વિકાશ પામે.

**आर्त्त–रौद्र–परिणाम–पालक**
**प्लुष्टभावुकविवेक सौष्ठवे ।**
**मानसे विषयलोलुपात्मनां**
**क्व प्ररोहतितमां समाङ्कुर ॥ ५॥ रथोद्धतावृतम् ।**

**अन्वय–विषय–लोलुपात्मनां आर्त्त–रौद्र परिणामपावकाण्लुष्ट भावुकाविवेक सौष्ठवे मानसे शमाङ्कुर : क्व प्ररोहतिमाम् ।**

વિષય સુખના લાલચુ એવા જીવોના આર્ત્ત અને રૌદ્ર ધ્યાનના પરિણામ રૂપ અગ્નિની જવાલાઓથી સળગી ગઈ છે નિર્મળ વિવેકની સુંદરતા જ્યાં એવા માનસમાં સમ–સમતા રૂપ અંકુરા ક્યાંથી ઉગી શકે ? અથાત્ ન જ ઉગે ! ! !

**यस्याऽऽशयं श्रुतकृताऽतिशयं विवेक-**
**पीयूष वर्षरमणीयतमं श्रयन्ते ।**
**सद्भावना सुरलता नहि तस्य दूरे**
**लोकोत्तर प्रशम सौख्य दलप्रसूतिः ॥ ६ ॥**
**वसन्ततिलका वृतम् ॥**

અન્વય-**सद्भावना सुरलताः यस्य श्रतकृतातिशयं विवेकपी यूषवर्षरमणीयतमं आशयं श्रयन्ते, तस्य लोकोत्तरप्रशमसौख्यदलप्रसूतिः दूरे न हि ।**

**अनित्यत्वाऽशरणते भवमेकत्वमन्यताम् ।**
**अशौचमाश्रवं चाऽऽत्मन् ! संवरं परिभावय ॥७॥**
**कर्मणो निर्जरां धर्म-सूक्ततां लोकपद्धतिम् ॥**
**बोधिदुर्लभतामेता, भावयन् मुच्यसे भवात् ॥८॥**
**युग्मम् ॥ अनुष्टुप् ॥**

અન્વય – **हे आत्मन् । अनित्यत्वऽशरणते भवं एकत्व अन्यताम् अशोचं आश्रव संवरं कर्मणे निर्जरां धर्मसूक्ततां लोकपद्धतिं बोधिदुर्लभतां च परिभावय !!!**

**एता भावना भावयन् त्वं भवात् मुच्यसे !**

સારી ભાવના રૂપ કલ્પલતા–કલ્પવેલડીઓ જ્ઞાનાચાર દ્વારા શ્રુતજ્ઞાનના પરિશીલનથી પ્રગટી છે અતિશયતા જેમાં એવા તથા હિત–અહિતના વિવેક રૂપ અમૃતની વૃષ્ટિયથી અતિશય રમણીય એવા જેના મનનો આશ્રય લે છે. જેના મન રૂપ ભૂમિમાં વિકસે છે તે પુણ્યાત્માને લોકોત્તર એવા પ્રશમ સુખ રૂપ ફળની પ્રાપ્તિ દૂર નથી જ ! ! !

હે આત્મન્ !

અનિત્યત્વ– જગતના સર્વ પદાર્થો અનિત્ય–અસ્થિર છે એવું વિચારવું તે

અશરણતા– જગતના સર્વ પદાર્થો અશુભ કર્મોના ઉદય કાળે સરણું આપતાજ નથી.

ભવ–સંસાર– જ્યાં પિતા મરીને ભવાંતરમાં પુત્ર થાય અને પુત્ર પિતા થાય વિગેરે-

એકત્વ– જીવ ભવાંતરમાંથી એકલો આવે છે બાંધેલા કર્મોને એકલોજ ભોગવે છે અને ભવાંતરમાં કર્માનુસારે એકલોજ જાય છે.

અન્યતામ્ – જ્ઞાનાદિ ગુણ સિવાયના ધન–ધાન્ય માત–પિતાદિ બધાંજ આત્માથી ભિન્ન છે.

અશૌચ – શરીર મલ–મુત્ર લોહી–માંસ–હાંડકા આદિ અશુભ પદાર્થોનો ભંડાર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આશ્રવ – ૫ ઇંદ્રિય-૪ કષાય-૫ મોટા પાપ ૩ દંડ અને ૨૫ અશુભક્રિયારૂપ ૪૨ આશ્રવના દ્વારોમાંથી પ્રતિસમય આત્મા કર્મો ગ્રહણ છે.

સંવર – ૫ સમિતિ ૩ ગુપ્તિ ૨૨ પરિસહ-૧૨ ભાવના ૧૦ શ્રમણધર્મ ૫ ચારિત્ર-૫૭ પ્રકારના સંવર દ્વારા આશ્રવોનું રૂંધન કરવું તે-

કર્મોની નિર્જરા – ૬ બાહ્ય અને ૬ અભ્યંતર-૧૨ ભેદે તપ દ્વારા કર્મોને આત્મા-માંથી દૂર કરવા તે-

ધર્મસૂક્તતા – દાન-શીલ-તપ અને ભાવ ધર્મની પ્રરૂપણા કરનારા આપ્ત પુરૂષોનો સુયોગ-

લોકપદ્ધતિ – ઉર્ધ્વલોક અધોલોક અને તિર્યગ્-લોકના સ્વરૂપ સાથે ષટ્ દ્રવ્યોની વિવિધતા-દર્શન

બોધિદુર્લભ- જિનશાસનની આરાધના યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવની દુર્લભતા-

આ બાર ભાવનાનું પરિભાવન કર !!!

હવે પછી ક્રમશ : બતાવવામાં આવનારો બારે ભાવનાઓની પરિભાવના કરનારો એવો તું હે આત્મન્ ! વિષમ એવા આ ભવ-સંસારથી મુકત થઇશ !!!

ક્રમશઃ-અપૂર્ણ

(અનુસંધાન ટાઇટલ પેજ ૧ નું ચાલુ)

**અન્વય અરુ વ્યતિરેક હેતુકો સમજ રૂપ ભ્રમ ખોઇ ।**
**આરોપિત સર્વધર્મ ઔર હૈ, આનન્દઘન તત સોઇ ॥ (૨)**

અન્વય હેતુ જાણવો, અને જેના અભાવે જેનો અભાવ હોય તેને વ્યતિરેક હેતુ કહે છે. આત્માનું અસ્તિત્વ છતે જ્ઞાનનું અસ્તિત્વ છે. જ્યાં આત્મા નથી ત્યા જ્ઞાન નથી—જેમકે જડ વસ્તુઓ આ પ્રમાણે આત્માની સિદ્ધિ અન્વય અને વ્યતિરેકથી થાય છે. આત્મા છે, આત્મા કર્મનો કર્તા છે, આત્મા કર્મનો ભોકતા છે તેમજ આત્મા આત્મા કર્મનો સંહર્તા છે. આત્મા કર્મથી મૂકાય છે તેથી મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે—આ છ બાબતો પર વિચાર કરી આત્માનું સ્વરૂપ ધ્યાવતા આત્માનો અનુભવ આવે છે. આત્માનું જ્ઞાન થતાં બહિરાત્મ બુદ્ધિનો નાશ થાય છે. અને અંતરાત્મત્વ પ્રકટે છે, બાહ્ય દશાની ભ્રમણા ટળે છે અને પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરવા સતત ઇચ્છા પ્રગટે છે, અને આત્મા પોતાનામાં પરમાત્મપણું સત્તાએ રહ્યું છે-તેને દેખે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વરૂપ સાધના

લેખક : અમરચંદ માવજી શાહ બીજાપુર

ભગવાન મહાવીરસ્વામીએ સ્વરૂપ સાધના કરી, જે તત્વ પ્રાપ્ત કર્યું તે નવતત્ત્વ રૂપે આપણુને પ્રાપ્ત થયું. જગતમાં બે મૂખ્ય દ્રવ્યો જીવ અને અજીવ એટલે ચેતન અને જડ એ બન્નેનો અનાદિ સંયોગ અજ્ઞાનથી મિથ્યાત્વથી અવિરતીથી કષાયથી પ્રમાદથી યોગથીએ બન્ને દ્રવ્યો અરસ પરસ કર્તા કર્મની પુન્ય પાપની આશ્રય પરંમ-પરાથી અનંત કાળથી સંસારમાં રાગ દ્વેષ ચૌગતિમાં પરિભ્રમણ આધિ વ્યાધિ ઉપાધિ સહિત કર્યું તે સંયોગી સંબંધનો વિયોગ કરી પોતાનાં સ્વરૂપમાં સ્થિર થવા માટે સંવર–નિર્જ-રાની સાધના પ્રરૂપી આત્માના શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવા મોક્ષ સ્વરૂપ પોતાના અનંત દર્શન–જ્ઞાન ચારિત્રમાં આવ્યા બાદ સુખમાં પરિણમી આત્મ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરી કૃત્ય કૃત્ય થાય છે આવો પરમ સાધનામાર્ગ પ્રવર્તાવનાર-ભગવાન મહાવીર સ્વામી અર્હત્ પરમાત્માને નમસ્કાર–એમના શાસનને ચતુર્વિધ સંઘને નમસ્કાર એ વીર ભગવાનના નિર્માણને ૨૫૦૮ વર્ષ થયા છે એમનાં મંગળમય જન્મને ૨૫૮૦ થયા છે તેમની એ તત્વ સરિતા પરંપરાથી સદ્ગુરૂ ભગવંતોના પ્રસાદથી વર્તમાનમાં પણ આપણુને પ્રાપ્ત થઇ તે સદ્ગુરૂ ભગવંતોને અહિંસા સંયમ તપ પ્રધાન જૈન ધર્મને નમસ્કાર જેમણે સયમ્ગ્દર્શન જ્ઞાન ચારિત્રનો મોક્ષ થતાં યથાર્થ દર્શાવી પરમ ઉપ-કાર કર્યો.

આખા જગતમાં ફક્ત અમુક તોલા રેડીયમની ધાતુની શોધ થઈ છે. એટલા માત્રથી આખા વિશ્વના ટ્રાન્ઝીસ્ટરો સંદેશાઓની આપલે કરી રહ્યા છે. રેડીયાઓ સંગીત પ્રસરાવી રહ્યા છે. એટલી તેની જડ દ્રવ્યની શક્તિ છે વસ્તુ નાની મોટી ઉપર તેનો આધાર નથી પરંતુ તેની વીર્ય શક્તિ ઉપર છે. આત્મા પણ એવો અનંત વીર્ય શક્તિવાળો છે. પરંતુ તે શક્તિ જ્ઞાનાવરણાદિયા દિકથી અવરાઈ ગઇ છે. સૂર્યની આસપાસ વાદળા ધુમ્મસથી જેમ સૂર્ય ઢંકાઈ જાય છે. તેવુંજ આત્માનું છે.

આત્મા અનાદિ કાળથી મિથ્યાત્વ એટલે અવળી સમજણથી પર પૌદ્દલીક વસ્તુમાં મોહ–માયા મમતાથી અસક્ત થઇ આ હું, આ મારૂં એવા અહંત્વ મમત્વ ભાવમાં પોતાનું સ્વરૂપનું ભાન ભૂલી, મોહના અંધકારથી ઇષ્ટ અનિષ્ટમાં રાગ દ્વેષની વૃત્તિઓને ઉતેજે છે. એમાંથી–માન માયા–લોભનું વિષ ચક્ર શરૂ થાય છે. એ ચાર કષાયોજ સંસારના પરિભ્રમણનું મુખ્ય કારણ છે. કારણથી કાર્ય થાય છે. તેમ તેમાંથી અવિરતી-પણું એટલે હિંસા, અસત્ય, અસંતોષ, કુશીલતા પારગ્રહની મુર્છામાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો શબ્દ–રૂપ રસગંધ, સ્પર્શની આસક્તિમાં સ્ત્રી–ઘર ધન–આદિ–પરવસ્તુઓમાં સુખબુદ્ધિ કરીને પ્રાપ્ત કરવા અનેક પ્રકારના કર્મ કરે છે. અનેક વિકલ્પો કરે છે. મન–વચન કાયાના યોગો એમાં જોડાઈ આ બધી વિપરીત પ્રવૃત્તિઓમાં આત્માને મુંઝવી આ પર પરિણતીમાં પરિણયનથી આત્માના વિભાવ–ભાવનું નિમિત્ત પામીને જ્ઞાનાવરણાદિક કર્મો દ્રવ્યકર્મો સ્વપરનાં સ્વભાવથી પરિણમી આત્માને આવરણરૂપ થઈ સંસારમાં અનેક પ્રકા-રનાં દુઃખોને પ્રાપ્ત થાય છે. પરિણામથીજ બંધ છે તે પરિણામથીજ મોક્ષ છે. અવળાને સવળા એટલો જ ફેર છે. આ ભાવ કર્મોથી સંકલ્પ વિકલ્પોની મન વચન કાયાના યોગથી સમયે સમયે ટેપ રેકર્ડની કેસેટો તૈયાર થતી જાય છે. અને તે ઉદય અનુસાર એ કેસેટો તેનાં યથાકાળે પ્રકાશિત થાય છે. આ બધું કષાયનાં વિષચક્રથી પરિણમન થાય છે.

આ કષાયોનાં ઉપશમ ક્ષયોપષમ કે ક્ષયથીજ ગુણસ્થાપકનો ક્રમ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન અવિરતીમાંથી વિરતી દેશ વિરતી સર્વ વિરતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપ્રમત્ત સંયમથી ક્ષીણ મોહ પર્યંત આત્મબુદ્ધિ થઈ વિતરાગ સર્વજ્ઞ થઈ કૃત્ય કૃત્ય થઈ કર્મનાં ઘાતી અઘાતી બન્ને પ્રકારનો ક્ષય થતા આત્મા શુદ્ધ બુદ્ધને મુક્ત થાય છે હું આત્માજ છું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય ધાતુ છું આ બધી જે રૂપી વસ્તુઓ છે. જડ દ્રવ્યો છે તે પર છે એ પ્રકારના ભેદજ્ઞાનના ભાવનથી સ્વ. પરનાં વિવેકથી મન સંયમ, વચન સંયમ કાય સંયમ કેળવી મનને નિર્વિકલ્પ કરવા વચનને મૌન કરવા કાયાને સ્થિર શાંત કરવાને સયનની સાધના અંતરમાં કહે છે.

એટલે જે પરિણામી આશ્રયબંધમાં પરિણમતી હતી તે હવે સંવર નિર્જરાભાવમાં પરિણમવાનું શરૂ થાય છે. સંવર એટલે સમતાભાવ સમતાયોગ સમભાવમાં, સામાયિક ભાવમાં જોડાઇ નિર્વિકલ્પ ઉપયોગમાં પરિણમવા માટે મનને શાંત કરી સહજભાવમાં શાંતિમય રીતે ચિત્તની એકાગ્રતાને સ્થિરતા કરવા આત્મધ્યાન કાઉસ્સગ્ગમાં સ્થિરતા કહે છે પરવસ્તુનાં પ્રત્યાઘાત પચ્ચખાણરૂપ આત્માને પરિણમાવે છે અને પૂર્વ કર્મકૃત ઉદયમાં સમભાવ પૂર્વક સહનશીલતા અને પ્રાયશ્ચિતરૂપ પ્રતિક્રમણ કરી કર્મનાં આક્રમણને અટકાવી નિર્જરા કહે છે અને સંપૂર્ણ નિર્જરા થતા સર્વ સંવર થતા આત્મા સ્વરૂપ સાધનાની પૂર્ણતા કરી કૃત્ય કૃત્ય થાથ છે. અખંડ આનંદ અભેધ પ્રેમ નિર્વિકલ્પ શાંતિ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. હર્ષ શોકરહિત આનંદ રાગદ્વેષે રહિત પ્રેમ સંકલ્પ વિકલ્પ રહિત શાંતિ આ ત્રણમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની આરાધનાનો અર્ક આવી જાય છે અંતર્મુખ ઉપયોગ પૂર્વક ચિંતન અને સ્વરૂપનું સંધાન પૂર્વકની ક્રિયાથી જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે.

મોહ ક્ષોભ ચિંતા ચેષ્ટા આશા તૃષ્ણા ઈચ્છા મુર્છાનો સંયમ કરી મનને વાર્યા કે માર્યા સિવાય તેને સ્વાધિન બનાવવા મનને અંતરઆત્મામાં પરિણમાવવા અધ્યાત્મયોગ ભાવયોગ ધ્યાનયોગ સમતાયોગ વૃતિસંક્ષીપ યોગનું રસાયણ પ્રાપ્ત કરવા જગતથી ઉદાસીન થઈ વૈરાગ્યભાવ વધારી સંસારની કર્મ અનુસાર ઉદયભાવને વેદી લઈ સ્વરૂપની પૂર્ણતા પ્રાપ્ત કરવા તેમાં મગ્ન થઈ સ્થિર થઇ સ્યાદ્વાદ અનેકાંત દૃષ્ટિથી હેમ-ક્ષેપ ઉપાદેવમા વિવેકપૂર્વક યથાર્થ રીતે પોતે પોતામાં સમાઈ જઈ છેલ્લે ક્ષેયસંન્યાસ અજ્ઞાનવાસમાં અપ્રમત્તભાવ કેળવવા અસંગ અનુષ્ઠાન પ્રાપ્ત કરવા પરમ શાંત ચૈતન્ય સ્વરૂપમાં રમણ કરવું. બોલવું ચાલવું જવું આવવું ખાવુ પીવુ લખવું વાંચવું પહેરવું ઓઢવું લૌકિક પ્રસંગોથી બને તેટલા વિરક્ત રહી પોતાના જ્ઞાન ધ્યાનમાં નિવૃત્તિપંથે પ્રવૃત્તિ કરી સંયમપૂર્વક સ્વરૂપ સાધના કરી ભગવાન મહાવીરનાં લઘુનંદન બનવું ૐ શાંતિઃ

## પંડિત બેચરદાસ દોશીનું નિધન

૧૯૮૨, ઓકટોબર, અગિયારમીના રોજ ૯૩ વર્ષની ઉંમરે નિધન થતાં, એક તેજસ્વી, બહુશ્રુત પંડિત વર્યનીજૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓશ્રીની વિદ્વતા, સંશોધન શક્તિ, લેખન શૈલી અજોડ અને અપૂર્વ હતી. ભગવતી સૂત્ર, મહાવીરવાણી ઇત્યાદિ ૪૫થી વધુ ગ્રંથોનું લેખન સંશોધન, સંપાદન કર્યું હતું. ભાષા અને વ્યાકરણ તેમના પ્રિય વિષયો હતા. તેઓશ્રી જૈન મુનિઓને પણ માર્ગદર્શન આપતા. તેમનું અગાધ જ્ઞાનનું મૂલ્યાંકન થઇ શકે તેમ નથી જૈન સમાજના રત્ન સમાન પંડિત વર્યને શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) ભાવભીની હાર્દિક અંજલી અર્પે છે.

## ચીમનલાલ ચકુભાઇ શાહનું નિધન

૧૯૮૨ નવેમ્બર વીસમીના રોજ ૮૦ વર્ષની ઉંમરે નિધન થતાં, જૈન સમાજે એક મહાન સમાજ સેવક અને ચિંતક ગુમાવ્યા છે. ભારતે એક યશસ્વી સુપુત્ર ગુમાવ્યો છે 'મહાવીર કેન્દ્ર' ના સ્થાપક કુદરતી આફતમાં મદદ માટેના સ્થંભ જતાં, સહુને તેમની મોટી ખોટ પડી છે આવા મહાન આત્માને શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) ભાવભીની હાર્દિક અંજલી અર્પે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
**મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના**
વરદ્દહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્દભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા. ૪૦–૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

બહાર પડી ચુકેલ છે **જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે

કિંમત રૂા. ૮–૦૦

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, **ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. 31


# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો :

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ઠી શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મુળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| સ્ત્રી નીર્વાણુ કેવલી ભુક્તી પ્રકરણુ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| શ્રાવકધર્મ વિધિ પ્રકરણમ્ | ૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે | |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| લે.સ્વ. પૂ. આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| ધર્મ પરીક્ષા ગ્રંથ | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| તીર્થંકર દર્શન ચોવીશી | ૫-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : સ્વ. શેઠ હરિલાલ દેવચંદ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ ભાવનગર.

For Private And Personal Use Only